Vol. 5, Issue: 9, Sept.: 2017
(IJRSML) ISSN: 2321 - 2853

# માનવી માનવ થઈને રહો

જમનાદાસ ડી. રાઠવા
મદદનીશ શિક્ષક,
શ્રી ડી. એન. જે. આદર્શ હાઈસ્કૂલ, ડીસા

સંસારમાં કોઈ જાત નથી, નાત નથી,
તેના જેવી કોઈ મોટી વાત નથી,
ઘડી બે ઘડી મળ્યા કયારેક રસ્તે,
એ દોસ્તીથી મોટી કોઈ ભાત નથી.

-'સૂર'

' સૂર ' વડનગરીનું ઉપરોકત મુકતક માનવીય જીવનની ઘટમાળ વિશે, માનવીય સંબંધો વિશે ઘણુંબધુ કહી જાય છે. 'હું માનવી માનવ થાઉ તો ઘણું!' સુંદરમની આ પંકિત માનવીને માણસાઈથી, નૈતિકતાથી ભરેલા માનવ બનવાની સુંદર વાત કરે છે. સદીઓથી આ માનવ થવાની મથામણ ચાલતી રહી છી..... છતાં વાસ્તવિક પરિસ્થિતિ કંઈક અલગ જ બયાન કરે છે. યંત્ર યુગમાં કે આધુનિક યુગમાં જગતની અનેક સરહદો તૂટી છે. એ વાત સાચી છે, છતાં માનવીને આદિકાળથી નડતરરૂપ થયેલ નાત–જાતના વાડા આજે પણ અકબંધ રહયા છે. મનુષ્ય જીવન અમુલ્ય છે. અનમોલ છે. આખું જગત એક જ મા બાપનાં સંતાન છે. એ સ્વીકારવું હજુ અઘરું બની રહયું છે.

માનવીના વિકાસની અનેક ક્ષિતિજો ખૂલી છે. માનવે અનેક ઉપલબ્ધિઓ મેળવી છે. છતાં સંસારમાં રચાયેલા કેટલાક નાત–જાતના વાડામાંથી બહાર નીકળવું તેના માટે અશકય બની રહયું છે. જેમ જેમ માનવી શિક્ષિત થતો જાય છે. તેમ તેમ વધારે ને વધારે વાડાના બંધન નડી રહયા છે. એટલે કે માનવ આખો દેખાતો નથી ધર્મ જાતિ જ્ઞાતિના નામે અનેક યુધ્ધો ભુતકાળમાં આપણે જોયા છે. અને ' આજ ' પણ તેમાંથી બાકાત રહી નથી. ત્યારે ' સૂર ' વેદના અહીં સૂચક છે.

સંસારમાં કોઈ નાત નથી, જાત નથી,
તેના જેવી મોટી કોઈ વાત નથી,

સમગ્ર સંસારનો માનવી માનવ બને. કોઈપણ પ્રકારના નાત–જાતના વાડામાં બંધાય નહી કે તેને નડે નહી તેનાથી મોટી કઈ વાત હોઈ શકે ? અને એ જ શું માનવીની મોટી ઉપલબ્ધિ ન ગણાય ?

પરંતુ પ્રશ્ન એ છે કે આજના રાજકારણથી લઈને અનેક ક્ષેત્રોમાં, વ્યવસાયોમાં ઘર કરી ગયેલી બદી દૂર થતી નથી કે થવાનું નામ લેતી નથી. ત્યારે સર્જક કહે છે અનેક ઉપલબ્ધિઓ છતાં જે કાર્ય થવું જોઈએ તે થતું નથી. માનવ માનવ વચ્ચેની ખાઈ ઊંડી થઈ રહી છે. જો એ થઈ જાય તો એનાથી મોટી ' વાત ' શું હોઈ શકે ?

ખેર, આજનો માનવી સંબંધને પણ ત્રાજવે તોલે છે. સમાજામાં દરેક પ્રકારના સંબંધો ખપ પુરતા જ હોય છે. સંબંધને જીવતો રાખવો કે જીવંત રાખવો તેના કરતા સંબંધને સ્વાર્થ સુધી ટકાવી રાખવામાં જ પોતાની કામયાબી માને છે. એટલે જ ' સૂર ' ની બીજી બે પંકિતમાં આમ કહેવાયું છે.

ઘડી બે ઘડી મળ્યા કયારેક રસ્તે,
એ દોસ્તીથી મોટી કોઈ ભાત નથી.

હજારો વર્ષના માનવ ઈતિહાસમાં એક વ્યકિત તરીકે આપણું જીવન કેટલું ? ઘડી બે ઘડીથી વધારે નથી, તેથી ઘડી બે ઘડીથી શબ્દપ્રયોગ અહીં સૂચક બની રહયો છે. માનવ ઈતિહાસ દિનપ્રતિદિન મોટો થતો જશે. અને માનવી નાનો થતો જશે. મતલબ જીવન ઘટતું જશે. આપણે આવતી કાલે ભલે ન હોઈએ પણ આપણા સંબંધની એક ભાત મૂકાઈ જાય . જીવનરૂપી રસ્તે આપણે આમ અચાનક મળ્યા છીએ તો દોસ્તીની એવી ભાત મૂકીએ જેમાંથી સુવાસ જ મળે. માનવ–માનવ વચ્ચે સંબંધનો લય જળવાય અને એ લયમાં જ જીવન પૂરું થાય તો માનવ તરીકે આપણી મોટી જીત હશે.

સંબંધો જીવતા રહેશે. સંબંધો વિસ્તાર પામશે. સંબંધોની સરહદો તૂટી જશે. માનવ– માનવ વચ્ચે દોસ્તીભાવ ઉદ્દભવશે. ત્યારે ચોક્કસ સંસાર આખો રસમય બનશે. ત્યારે કોઈ ફરીયાદ નહી રહે કે ' જગત જીવવા જેવું નથી. '